**<u>ધારીનાં મહે. એડીશ્નલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ–ધારી, જી.અમરેલી.</u>**

**<u>ફોજદારી કેસ નંબર : ૨૮૩/૨૦૨૬.</u>**
**આંક :– ૬**

**ફરીયાદી:–** શ્રી સરકાર.

**<u>વિરૂધ્ધ.</u>**

**આરોપી :–** **મિલનભાઈ મનસુખભાઈ રાઠોડ,**
રહે. ધારી હીમખીમડીપરા, તા.ધારી, જી.અમરેલી.

**<u>ગુનો:–</u>** **<u>જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ.</u>**

**<u>–::હુકમ::–</u>**

(૧) કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આરોપીએ અદાલત સમક્ષ હાજર થઈ ગુનો કબુલ હોવાની કબુલાત પુરશીસ રજુ કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અને આરોપી કબુલાત કરવા બંધાયેલા નથી તેવી સમજ આપી છે. છતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી કબુલાત પુરશીસનાં સંજોગો ધ્યાને લઈ રહેમ કરવાં રજૂઆત કરેલ છે.

(૨) આરોપીની રજૂઆત તેમજ ગુનાની કબુલાત પુરશીસ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લીધી. આ ગુના બદલ થઈ શકતી સજા ચાર મહીના કરતાં ઓછી ન હોય તેવી એક વર્ષ સુધીનો કેદ અને દંડને પાત્ર છે. જો કે અદાલત કારણોની નોંધ કરીને ચાર મહીના કરતાં પણ ઓછી કેદની સજા કરી શકે. ગુનાનું સ્વરૂપ અને ગંભીરતા ધ્યાને લઈ ગુનાની કબુલાત કરવાની પરવાનગી આપી, આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **<u>–:: આખરી હુ ક મ ::–</u>**

**(૧)** આ કામનાં આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫** અન્વયેનાં ગુનામાં તકસીરવાન ઠરાવીને **જી.પી. એકટની કલમ–૧૩૫** મુજબનાં ગુના બદલ **રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે, દંડ ન ભરે તો દિન–૧૦ (દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૧૧ મી માહે, જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ લોક અદાલતની ''સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ'' માં હુકમ જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ:–ધારી.

**( એમ.એમ.સૈયદ )**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ધારી,
કોડ નં.જીજે૦૧૧૦૩.

(ડી.કે.મહેતા.)

**દંડની કુલ રકમ રૂા.૩૦૦/– (અંકે રૂપીયા ત્રણસો પુરા)**
**પા.નં._______________થી જમા લીધા.**
**તા.૧૧/૦૭/૨૦૨૬**

**નાઝીર**